# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 21-06-2025** **Morning : 7.10 to 7.20**
**Day : SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રિધ્ધિ ઉંધાડ** વાંચે છે.

---

1. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ યોગે સમગ્ર વિશ્વના જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હોવાનું જણાવ્યું**
2. **અગિયારમાં આંતરરાષ્ટ્રિય યોગ દિવસની ઉજવણી પ્રસંગે મુખ્યમંત્રીએ વડનગર ખાતે વિશ્વાસ વ્યક્ત કરતાં કહ્યું કે યોગ વિકસિત, તંદુરસ્ત અને સ્વસ્થ ગુજરાતનું નિર્માણ કરશે**
3. **કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે અમદાવાદના પ્રહલાદનગર ગાર્ડન ખાતે યોગ કાર્યક્રમમાં ભાગ લીધો . રાજ્યભરમાં 60 હજાર સ્થળો પર દોઢ કરોડ લોકોના યોગ**
4. **મનરેગા સહિતની સરકારી સંસ્થાઓને અપાતી સેવાઓમાં તપાસ કરીને રાજ્ય GST વિભાગે ૪૫ કરોડ રૂપિયાથી વધુની કરચોરી પકડી**
5. **આજે વિસાવદરના માલિડા અને નવા વાઘણિયા મતદાન મથકો ઉપર ફેર મતદાન...**

-----------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો. . . .**

# PM MODI-YOGA

સમગ્ર વિશ્વ સહિત દેશભારમાં આજે ૧૧માં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમ ખાતે રાષ્ટ્રીય કક્ષાનો મુખ્ય યોગ કાર્યક્રમ યોજાયો છે. કાર્યક્રમની શરૂઆત કરાવતા શ્રી મોદીએ જણાવ્યું હતું કે યોગે સમગ્ર વિશ્વમાં જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે.

## બાઇટ – પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી

શ્રી મોદીએ વિશ્વમાં વધતી જતી મેદસ્વીતાની સમસ્યા અંગે જણાવ્યું હતું કે

## બાઇટ – નરેન્દ્ર મોદી મેદસ્વીતા

કેન્દ્રીય આયુષ રાજ્યમંત્રી પ્રતાપરાવ રાધવ , આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી એન. ચંદ્રબાબુ નાયડુની સહિત યોગ સત્રમાં ત્રણ લાખથી વધુ લોકોએ ભાગ લઈ રહ્યા છે. જેમાં ભારતીય નૌકાદળના 11 હજાર નવ જવાનો પણ સામેલ છે. આ કાર્યક્રમ આર.કે. બીચથી વિશાખાપટ્ટનમના ભોગાપુરમ સુધીના લગભગ 26 કિલોમીટરના ત્રિજ્યામાં યોજાયો છે. વિશાખાપટ્ટનમમાં સમુદ્રમાં ભારતીય નૌકાદળ અને કોસ્ટ ગાર્ડના જહાજો પર પણ યોગ કરવામાં આવી રહ્યા છે.

---

# CM VADNAGAR YOG

એક પૃથ્વી એક સ્વાસ્થ્ય માટે યોગ થીમ આધારીત અગિયારમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી વિશ્વની સાથેસાથે ગુજરાતમાં પણ થઇ રહી

છે. આ રાજ્ય કક્ષાનો યોગ દિવસ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વતન વડનગર ખાતે યોજાઇ રહ્યો છે. આ યોગ દિવસની ઉજવણીના ઉદ્ઘાટન પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિશ્વાસ વ્યક્ત કરતા કહ્યું કે, યોગ વિકસિત, સ્વસ્થ, અને તંદુરસ્ત ગુજરાતનું નિર્માણ કરશે.

**બાઇટ- ભૂપેન્દ્ર પટેલ , મુખ્યમંત્રી ગુજરાત**

---

# GUJARAT YOGA DAY (PAGE – 01)

રાજ્યમાં ૧૧મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની રાજ્ય કક્ષાની ઉજવણી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વતન વડનગરમાં શર્મિષ્ઠા તળાવ ખાતે યોજાઈ છે. જેમા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ, રમતગમત રાજ્યમંત્રી હર્ષ સંઘવી સહિત અન્ય ઘણા મહાનુભાવોએ પણ યોગમાં ભાગ લીધો.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પણ અમદાવાદમાં પ્રહલાદનગર ગાર્ડન યોગ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. રાજ્ય સરકારે રાજ્ય યોગ બોર્ડ અને રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ સાથે મળીને 60 હજારથી વધુ સ્થળોએ સામૂહિક યોગ સત્રોનું આયોજન કરી દોઢ કરોડથી વધુ સહભાગીઓ ભાગ લઈ રહ્યા છે. રાજ્ય વડનગર કાર્યક્રમમાં ભુજંગાસનમાં નવો ગિનિસ વર્લ્ડ રેકોર્ડ બનાવવાનો પણ હેતુ છે. વડોદરામાં સમા સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ ખાતે કેન્દ્રિય જળ શક્તિમંત્રી સી.આર.પાટીલની અધ્યક્ષતામાં યોગ દિવસની ઉજવણી કરવામાં આવી.

૨૧ જૂને રાજ્યવ્યાપી યોગ સંસ્કૃતિને પ્રોત્સાહન આપવા અને મહત્તમ ભાગીદારી મેળવવા માટે, ૧૫ થી ૨૦ જૂન દરમિયાન તમામ જિલ્લાઓમાં કોમન યોગ પ્રોટોકોલ

સત્રોનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. ગ્રામ્ય સ્તરની ભાગીદારી સુનિશ્ચિત કરવા માટે, પોલીસ વિભાગે યોગ રેલીઓ અને સત્રોનું આયોજન કર્યું છે, જ્યારે ગ્રામ સભાઓએ ગ્રામીણ વિસ્તારોમાં યોગ જાગૃતિને પ્રોત્સાહન આપ્યું છે. વધુમાં, નગરપાલિકાઓ અને મ્યુનિસિપલ કોર્પોરેશનોએ વોર્ડ, જાહેર ઉદ્યાનો અને ખુલ્લી જગ્યાઓમાં સામાન્ય યોગ પ્રોટોકોલ સત્રોનું આયોજન કર્યું છે. રાજ્યના જિલ્લા મુખ્યમથકો, નગરો અને મુખ્ય શહેરોમાં સ્થાનિક પ્રતિષ્ઠિત સ્થળોએ યોગ કાર્યક્રમોનું આયોજન કર્યું છે. જિલ્લાવાર જોઈએ તો કચ્છના ભુજના સ્મૃતિવન ખાતે પાણી પુરવઠા મંત્રી કુંવરજી બાવળીયાની ઉપસ્થિતિમાં યોગ દિવસની ઉજવણી કરવામાં આવી..

દરમિયાન, વિવિધ જિલ્લાઓમાં યોગ દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. બનાસકાંઠા જિલ્લા કક્ષાનો કાર્યક્રમ પાલનપુર ખાતે મંત્રી બલવંતસિંહ રાજપૂતની ઉપસ્થિતિમાં યોજાયો. શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ અંબાજી દ્વારા આજે સવારે ચાચર ચોક ખાતે યોગ દિવસની ઉજવણી કરવામાં આવી.

નર્મદા જિલ્લામાં યોગ દિવસની ઉજવણી રાજપીપળા સ્પોર્ટ્સ સંકુલ ખાતે કરવામાં આવી. આ સાથે 'સ્ટેચ્યુ ઓફ યુનિટી એકતાનગર સહિત પાંચ સ્થળે તાલુકા કક્ષાની યોગ દિવસની ઉજવણી કરવામાં આવી.

દેવભૂમિ દ્વારકા જિલ્લા કક્ષાના વિશ્વ યોગ દિવસનો કાર્યક્રમ પોલિસ પરેડ ગ્રાઉન્ડ-ખંભાળીયા ખાતે યોજાયો.

મોરબીમાં જિલ્લા સ્તરીય કાર્યક્રમ પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે યોજાયો , જેમાં અંદાજે 2500 લોકોએ ભાગ લીધો હતો.

---

## SHIRVARAJ SINGH

કેન્દ્રીય કૃષિમંત્રી શિવારાજસિંહ ચૌહાણ ગાંધીનગરની મુલાકાતે આવશે. તેઓ બપોરે **12.30** વાગે અમદાવાદ એરપોર્ટ પર ઉતરાણ કરીને ગાંધીનગર સરકિટ હાઉસ ખાતે આણંદ સ્થિત ડાયરેક્ટર ઓફ મેડિક્લિનલ એરોનેટિકસ રિસર્ચ અંગેની કામગીરીની સમીક્ષા કરશે . ત્યારેબાદ તેઓ પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીને શ્રધ્ધાંજલી અર્પીને રૂપાણીના શોકસંતપ્ત પરિવારજનોને સાંત્વના અર્પણ કરશે..

---

# GST CHORI

સરકારી સંસ્થાઓને પૂરી પાડવામાં આવતી સેવાઓમાં કરચોરી સામે રાજ્ય GST વિભાગે કાર્યવાહી કરીને ૪૫ કરોડ રૂપિયાથી વધુની કરચોરી પકડી છે..

ગુજરાત રાજ્ય GST વિભાગ દ્વારા ૯ જૂન ૨૦૨૫ના રોજ દાહોદ અને વેરાવળ ખાતે આવેલા ચાર કરદાતાઓ વિરુધ્ધ તપાસ હાથ ધરવામાં આવી , જેઓ રાજ્ય સરકાર તેમજ કેન્દ્ર સરકાર દ્વારા સહાયતા પ્રાપ્ત યોજનાઓ જેમકે મનરેગા સહિતની વિવિધ સરકારી યોજનાઓ હેઠળ કામો હાથ ધરતા હતા.

આ તપાસ દરમિયાન , ઘણી ગેરરીતિઓ મળી આવી હતી , જેમ કે કરપાત્ર સેવાઓને ખોટી રીતે કરમુક્ત તરીકે વર્ગીકૃત કરવી , બેંક ખાતામાં મળેલ રકમની તુલનામાં ટર્નઓવર ઓછું દર્શાવવું તેમજ ઇનપુટ ટેક્સ ક્રેડિટ નો અનઅધિકૃત અને અયોગ્ય લાભ લેવો. આ ચાર કરદાતાઓ દ્વારા ઇરાદાપૂર્વક કરચોરી અને સરકારી ભંડોળનો દુરુપયોગ કરવાના ઉદ્દેશ્યથી આચરવામાં આવેલ ગેરરીતીઓ તરફ નિર્દેશ કરે છે.

પ્રાથમિક ચકાસણી અનુસાર , ઉક્ત 4 કરદાતાઓની કુલ જવાબદારી વેરો , વ્યાજ અને દંડ સહિત ૪૫ કરોડ રૂપિયાથી વધુ છે. રાજ્ય GST વિભાગ દ્વારા સરકારી આવકના રક્ષણ અને વસુલાત માટે જરૂરી તમામ યોગ્ય કાયદાકીય કાર્યવાહી કરવામાં આવી રહી છે.

---

# RE POLLING VISAVADAR

રાજ્યમાં ગત 19 તારીખે યોજાયેલી વિસાવદર વિધાનસભા બેઠકની પેટાચૂંટણીમાં બે મતદાન મથક પરનું મતદાન રદ કરવામાં આવતા આજે માલીડા અને નવા વાઘણિયા મતદાન મથક પર સાતથી સાંજનાં છ વાગ્યા દરમિયાન પુનઃમતદાન શરૂ થયું છે.

આ સાથે જ આવતીકાલે રાજ્યના 33 જિલ્લામાં 8 ,326 ગ્રામ પંચાયતોની ચૂંટણી માટે મતદાન યોજાશે. આમાંથી 4 હજાર 688 પંચાયતો માટે નિયમિત ચૂંટણી અને 3 હજાર 638 પર પેટાચૂંટણી યોજાશે.આ માટે 44 હજાર 850 વોર્ડમાં 16 હજાર 500 મતદાન મથકોની વ્યવસ્થા કરવામાં આવી છે.

રાજ્યનાં એક કરોડ 30 લાખથી વધુ મતદારો મત્તાધિકારનો ઉપયોગ કરશે. 27 ટકા OBC અનામત લાગુ થયા બાદ પ્રથમવાર પંચાયતની ચૂંટણી યોજાઇ રહી છે. સવારે સાત વાગ્યે મતદાન શરૂ થશે અને સાંજે છ વાગે પૂર્ણ થશે. મત ગણતરી 25મી જૂને હાથ ધરાશે.

---

# WEATHER

આગામી સાત દિવસ સુધી રાજ્યમાં હળવાથી મધ્યમ વરસાદ થવાની હવામાન વિભાગે શક્યતા દર્શાવી છે. શરૂઆતના ત્રણ દિવસ વરસાદનું જોર ઓછું રહેશે. **48** કલાક બાદ વરસાદની તીવ્રતામાં સામાન્ય વધારો થવાની સંભાવના છે.

જ્યારે આજે બનાસકાંઠા, પાટણ, સાબરકાંઠા, તાપી, ડાંગ, નવસારી, વલસાડ, દમણ અને દાદરા નગરહવેલીમાં હળવાથી મધ્યમ વરસાદને લઈને યેલો એલર્ટ આપવામાં આવ્યું છે.

અમદાવાદમાં વાદળછાયું વાતાવરણ રહેશે. અમદાવાદ અને ગાંધીનગરમાં હળવાથી મધ્યમ વરસાદ થવાની શક્યતા હોવાનું હવામાન વિભાગના વડા એ કે દાસે જણાવ્યું છે.

## બાઇટ- એ.કે. દાસ, વડા હવામાન વિભાગ

---

## IIT GANDHINGAR CONVOCATION

ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે આઇ .આઇ.ટી.નો 14મો પદવીદાન સમારંભ આજે યોજાશે. મહાત્મા મંદિર ખાતે યોજાનારા આ પદવીદાન સમારંભમાં **668** વિદ્યાર્થીઓને પદવી એનાયત થશે. આઇઆઇટીના ડાયરેક્ટરે જણાવ્યું કે , આ વખતે ગુજરાતના એક વિદ્યાર્થીને સ્પોર્ટસ અંગનો એવોર્ડ એનાયત થવા જઇ રહ્યો છે.

## બાઇટ- રજત મુન્ના ડાયરેક્ટર આઇઆઇટી, ગાંધીનગર